તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૨૬ | ૨૬ ઓકટોબર, ૨૦૧૫, સોમવાર ; આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

MAS દિવાળી ઓફરોની આતશબાજી
આપના પોતાના ઘરનું સ્વપનું હવે થશે સાકાર
હોમ લોન • રીનોવેશન લોન • એક્ષટેન્શન લોન
આસાન શરતો • ઝડપી એપ્રુવલ
આપનું મનપસંદ ટુ-વ્હીલર વસાવો
0% ના વ્યાજ દરે
કેશ લોન
10 હજારથી 75 હજાર સુધી ફક્ત 3 દિવસમાં
શોપ લોન
દુકાનની વેલ્યુએશનના 50% સુધી લોન મેળવો
મશીનરી લોન
મશીનની કિંમતનાં 80% સુધી લોન
CNC, VMC અને પ્લાસ્ટીક ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન પર મેળવો લોન
*શરતોને આધિન.
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
—જે સમજે આપના અમૂલ્ય સ્વપનાનું મુલ્ય—
ગાંધીનગર : ૦૭૯-૨૩૨૬૧૧૫૫
કડી : ૦૨૭૬૪-૨૪૦૨૩૨, ૬૫૦૧૧૫
મહેસાણા : ૦૨૭૬૨-૨૪૪૮૬૪, ૩૧૧૮૨૪
ઈડર : ૦૨૭૭૮-૩૨૬૬૨૦
હિંમતનગર : ૦૨૭૭૨-૬૯૮૨૦૨
9904301350/51

## ફટાફટ ન્યુઝ

- અશોક ચક્ર સાથે સોનાના સિક્કા જારી કરાશે
- મૌનને નરેન્દ્ર મોદી મુખ્ય હથિયાર બનાવી ચુક્યા છે : નીતીશનો દાવો
- ભારત પર આફ્રિકાની ૨૧૪ રને જીત : આફ્રિકાએ શ્રેણી ૩-૨થી જીતી
- નીતીશ તાંત્રિકની શરણે પહોંચતા ભારે આશ્ચર્ય
- જેડીયુ-આરજેડી માટે નાલંદા લિટમસ ટેસ્ટ સમાન થઇ શકે
- બિહાર ચૂંટણી : અવગણના કરતા શત્રુઘ્ન ભારે લાલઘૂમ
- મોદી આંબેડકર ભવનનું લંડનમાં ઉદ્‌ઘાટન કરશે

# મહાગઠબંધન મહાસ્વાર્થ ગઠબંધન છે : નરેન્દ્ર મોદી



## મહાસ્વાર્થ ગઠબંધનમાં મુખ્ય ચાર ખેલાડી છે જેમાં લાલૂ, નીતીશ, સોનિયા ગાંધી અને તાંત્રિક સામેલ : ૧૮મી સદીની વિચારધારાથી વિકાસ નહીં થાય : નરેન્દ્ર મોદીની બિહારમાં ઝંઝાવતી એક પછી એક ચૂંટણી રેલીમાં લાલુ-નિતીશ પર આકરા પ્રહારો

પટણા,તા. ૨૫ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન પહેલા ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર આજે ફરી એકવાર શરૂ કર્યો હતો જેના ભાગરુપે મોદીએ બિહારમાં એક પછી એક જુદા જુદા વિસ્તારોમાં ચૂંટણી સભાઓ સંબોધીને ભાજપની તરફેણમાં માહોલને બદલવાનો પ્રયાસ કર્યો હતો. અનામત મુદાને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે મોદીએ નાલંદામાં વિશાળ સભાને સંબોધતા કહ્યું હતું કે, અનામતને કોઈ પણ હાથ લગાવી શકે નહીં. ભાજપ શાસિત ગુજરાત સહિતના રાજયોમાં અનામત યથાવતરીતે અમલી છે. મોદીએ કહ્યું હતું કે, બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકર દ્વારા આપવામાં આવેલા અધિકારોને કોઈપણ સંજોગોમાં આંચકી લેવામાં આવશે નહીં. આ સંદર્ભમાં બિનજરૂરીરીતે વિવાદ છેડવામાં આવેલો છે. મોદીએ દાવા સાથે કહ્યું હતું કે, બિહાર ચૂંટણીમાં એનડીએની જીત નિશ્ચિત છે. ચૂંટણી પરિણામ આવતા પહેલા જ લોકો નક્કી કરી ચુક્યા છે કે, તેઓ કઈ સરકાર લાવવા ઈચ્છુક છે. મોદીએ આજે દરેક સભામાં જેડીયુ અને આરજેડી તથા કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને તેમના નેતાઓની ઝાટકણી કાઢી હતી. મોદીએ તાંત્રિકની સાથે નીતીશકુમારના વિડિયો સામે આવ્યા બાદ ટિપ્પણી પણ કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ મહાગઠબંધન મહાસ્વાર્થ ગઠબંધન છે. આ મહાસ્વાર્થ ગઠબંધનમાં પહેલા ત્રણ ખેલાડી હતા જેમાં લાલૂ પ્રસાદ, નીતીશકુમાર અને સોનિયા ગાંધીનો સમાવેશ થાય છે પરંતુ હવે તેમા ચોથો ખેલાડી પણ આવી ગયો છે અને તે છે તાંત્રિક. આજના યુગમાં પણ આ લોકો કેવી વાતો કરી રહ્યા છે તે હાસ્યાસ્પદ છે. આજે વિકાસની વાત થઈ રહી છે ત્યારે આ ચારેય

● અનુસંધાન પાન-૭ પર

# સંઘના હાથમાં નરેન્દ્ર મોદી સરકારનું રિમોટ છે જ નહીં

## ભાજપ રાજકીય પક્ષ તરીકે સ્વતંત્ર પાર્ટી છે : ભાગવત

નાગપુર,તા. ૨૫

સંઘ પ્રમુખ મોહન ભાગવતે આજે દાવા સાથે કહ્યું હતું કે, કેન્દ્રમાં રહેલી મોદી સરકાર નાગપુરના નિર્દેશ ઉપર ચાલતી નથી. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારનું રિપોર્ટ આરએસએસના હાથમાં નથી. રાજકીય દળની દ્રષ્ટિએ ભાજપ એક સ્વતંત્ર પાર્ટી છે. સંઘ પ્રમુખે કહ્યું હતું કે, હાલમાં રાજ્ય અને કેન્દ્રની સત્તામાં અમારા લોકો છે. આ બાબત વાસ્તવિક છે પરંતુ રાજકીય પક્ષની દ્રષ્ટિએ ભાજપ એક સ્વતંત્ર પાર્ટી છે. મિડિયા જેમ કહે છે તેમ કોઈ રિમોટ નથી. ગૌહત્યાના વિવાદ વચ્ચે મોહન ભાગવતે કહ્યું હતું કે, કેન્યામાં જુદી પરંપરા રહેલી છે. મોહન ભાગવતના આજના નિવેદનને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બીફના મુદ્દા ઉપર પણ મોહન ભાગવતે વાત કરી હતી. સંઘના ઈશારે મોદી સરકાર ચાલે છે તેવા આક્ષેપો વારંવાર થતા રહ્યા છે. ભાજપ અને સંઘના લોકો આને રદિયો પણ આપતા રહ્યા છે. આજે સંઘના વડા મોહન ભાગવતે પણ આક્ષેપોને રદિયો આપીને અટકળોનો અંત આણ્યો હતો.

આજે શુભારંભ
ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area
● અદ્યતન કીચન તથા વોશ એરિયા
● બાળકો માટે પ્લે એરિયા
● વિશાળ પાર્કીંગની સુવિધા
● આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

માથાની વિગમાં
૨૦% વળતર
દરેક સ્ટાઈલમાં લેડીઝ, જેન્ટસ હેર વિગ મળશે.
લેડીઝ-જેન્ટસ હેર વિવિંગ-હેર બોડીંગ કરી આપીશું.
મોનોપોલ હેર આર્ટ
૪૭, અજન્ટા કોમ. સેન્ટર, ઈન્કમટેક્ષ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ. M. 9374041661

SKIN & COSMETIC CLINIC
(ચામડીના રોગોના નિષ્ણાંત)
- ચામડીના રોગો, એલર્જી, રક્તપીત, વાળ અને નખના રોગો, ખીલની સારવાર.
- મસા કાઢવા માટે રક્તસ્ત્રાવ વગરની રેડીયો ફ્રીકવન્સી દ્વારા સારવાર તથા કેમીકલથી પણ મસા, તલ બાળવાની સારવાર.
- સફેદ ડાઘ મટાડવા માટે તથા ખીલ, ખાડા અને ડાઘા દૂર કરવા માટે કેમીકલ પીલીંગ ડર્મા એ બ્રેઝન અને સર્જરી દ્વારા સારવાર.
- ચહેરા અને ડાઘા અને ખાડા રહીત બનાવવા માટે ડર્મા રોલર દ્વારા સારવાર.
- ઈન્ટ્રાલેશનલ ઈન્જેકશન થી હઠીલા ખરજવા, ઉંદરી ની સારવાર.
Dr. Sweta Parmar (M.D. Skin) ડૉ. શ્વેતા પરમાર (એમ.ડી. સ્કીન)
Call: 70487 98040
Shop no.5, Suyash Crystal, 1st Floor, Nr. Pramukhnagar, kh 0, Mahatma Mandir Road, Gandhinagar - 382421.
સમયઃ સોમ થી શુક્ર (Mon to Fri), Time: 7 to 8.30 pm

29 ઓક્ટોબરથી શુભારંભ
રાજકોટનો સુપ્રસિધ્ધ અને લોકપ્રિય સ્વાદ... હવે ગાંધીનગરમાં...
રાધે ના સ્પેશિયલ થાળ
સંપૂર્ણ જૈન મેનુ પણ ઉપલબ્ધ
બપોરે ગુજરાતી
સાંજે કાઠીયાવાડી
પાર્સલ પેકીંગ સુવિધા મળશે.
અમારી વિશેષતા : -
રસોઈમાં કલર, એસન્સ કે લીંબુના ફુલનો ઉપયોગ કરવામાં આવતો નથી.
રસોઈ ગુલાબ સીંગતેલ, શુધ્ધ ઘી અને મિનરલ વોટરમાં બનાવવામાં આવે છે.
રાધે® થાળ
ગ્રાઉન્ડ ફ્લોર, સિધ્ધરાજ ઝાવોડ, ઈન્ફોસીટી-સરગાસણ ક્રોસ રોડ, ગાંધીનગર.
મો. 8999909595